# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી

## સરદારકૃષિનગર

વંચાણે લીધો :- સરકારશ્રીના, ડેપ્યુટી સેક્રેટરી, ગુજરાત સરકારશ્રીના શ્રમઅને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૭/૦૧/૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટ વોલ્યુમ નં. I-L માં પ્રસિધ્ધ થયેલ સરકારીશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.30/03/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:**KHR/2021/27/LVD/10/2020/532316/M(2).**

## -:: પરિપત્ર ::-

આથી સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિયુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ / યુનિટ / સબ-યુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીના વિવિધ સંશોધન / વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો, કોલેજો હસ્તકના સંશોધન-વ-પ્રાયોગિક ફાર્મ વિગેરે ઉપર ખેતી લક્ષી સંશોધન / વિસ્તરણ શિક્ષણ અને અખતરાઓની કામગીરી માટે દૈનિક દરથી રોજમદાર શ્રમયોગીઓને રોકવામાં આવે છે અને તેઓને ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા લઘુતમ વેતન અધિનિયમ-૧૯૪૮ હેઠળ ખેત વ્યવસાયમાં રોકાયેલ ખેત મજૂરો માટે નકકી કરેલ લઘુતમ વેતન દર ચુકવવામાં આવે છે.

ગુજરાત સરકારશ્રી તરફથી ઉપરોકત વંચાણે લીધેલ જાહેરનામાથી ખેત વ્યવસાયમાં રોકાયેલ રોજમદાર શ્રમયોગીઓના દૈનિક લઘુતમ વેતન દર રૂા.૨૬૮/- (અંકે રૂપિયા બસો અડસઠ પુરા) તા.30/03/૨૦૨૧થી અમલમાં આવે તે રીતે સુધારેલ છે. તેથી આ યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો ઉપર રોકવામાં આવેલ ખેત મજૂરોના દૈનિક લઘુતમ વેતન દર રૂા.૨૬૮/- (અંકે રૂપિયા બસો અડસઠ પુરા) જાહેરનામાની તારીખ ૩૦.૦૩.૨૦૨૧થી ચુકવવા આથી આદેશ કરવામાં આવે છે.

પ્રસ્તુત પરિપત્ર યુનિવર્સિટી કામકાજના હિતમાં ફાઇલ ઉપર મા.કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે.

KPatel

(કે.કે.પટેલ)

કુલસચિવ

જા.નં.સદાંકૃયુ/રજી/લીગલ/ટે.૨/ ૧૬૯-૨૩૯ /૨૦૨૧,

તા. ૧૦/૦૫/૨૦૨૧.